**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૬૦ ટકા

# કોરોના કાળમાં મોસંબી અને નારંગીની ડિમાન્ડ

## વિટામિન્સથી ભરપૂર ફ્રૂટનું વધુમાં વધુ સેવન કરીને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી શકાય છે તેવું શહેરીજનોનો માનવું છે

ગાંધીનગર, તા.૨૬

શિયાળાની ઋતુ ઠંડી વર્ષા કરી રહી છે ત્યારે શહેરના માર્કેટમાં લીલા શાકભાજી અને સીઝનલ ફ્રૂટ દેખાઈ રહ્યા છે. આ ઋતુમાં ગ્રીન જ્યુસની સાથે સાથે વિટામિન અર્પણ કરતા ફ્રૂટ પણ આરોગવા જોઈએ તેમ શહેરીજનો નું માનવું છે. આમ પણ શિયાળાના ફળોમાં જામફળ અને સીતાફળ ખાસ સેવન કરવા માટે આવે છે. આ ઉપરાંત મોસંબી, નારંગી જેવા ફળ હાલ કોરાનાને કારણે ઓન ડિમાન્ડ છે જે રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે મહત્વના છે.

વિટામીનથી ભરપૂર શાકભાજીની સાથે સીઝનલ ફળો શહેરના માર્કેટમાં દેખા દઈ રહ્યા છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત શહેરીજનો વહેલી સવારે તથા સાંજે ખાસ ગ્રીન જ્યુસ અથવા તો ફ્રૂટ જ્યુસનું સેવન કરવું મહત્ત્વનું માને છે. તેમાં પણ ખાસ અલગ-અલગ રૂપ સાથેની ફ્રૂટ ડીશ, ગ્રીન જ્યુસ, ફ્રૂટ જ્યૂસ જેમાં ખાસ નારંગી, મોસંબી, અને ગવવા જ્યૂસ ઓન ડિમાન્ડમાં હોય છે. આ વર્ષે કોરોનાને કારણે શહેરીજનો પોતપોતાના ઘરે જ લીલા શાકભાજી અને ફળોના જ્યૂસ સમયસર લઈ રહ્યા છે.

**કોરોના કાળમાં જ્યારે વિટામીન સી ગ્રહણ કરવાની તમામ ડોક્ટર દ્વારા સલાહ આપે છે ત્યારે શહેરીજનો મોસંબી અને નારંગીની સૌથી વધારે પ્રમાણમાં ખરીદી કરી દરરોજ તેનું સેવન કરી રહ્યા છે. કોરોના દર્દીઓ પણ વિટામિન સીની ટેબલેટ લેવા સાથે સાથે નારંગી અને મોસંબીનું સેવન કરી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી રહ્યા છે. ત્યારે જામફળ અને સીતાફળની પ્રકૃતિ શરીરમાં કફના પ્રમાણમાં વધારો કરતા હોવાથી હાલ આ ફળો સાઈડ ટ્રેક થઈ ગયા છે.**



શહેરીજનોના કહેવા મુજબ દરરોજ સવારે કઠોળ અથવા તો ગ્રીન શાકભાજીના જ્યુસ અને સાંજે નારંગી, મોસંબી તથા સફરજનનું જ્યુસ પીવાનું તેઓ વધારે પસંદ કરે છે. વિટામિનથી ભરપુર મોસંબી, નારંગી હાલ શહેરમાં સૌથી વધુ વેચાઈ રહ્યા છે. ત્યારે શરદીના કારણે જામફળ અને સીતાફળ ન ખવાતા હોવાથી શહેરીજનો તેની ખરીદી ઓછી કરી રહ્યા છે.

શિયાળામાં આવતા લીલા શાકભાજીમાં વિવિધ વિટામીન અને પ્રોટીન હોય છે. કહેવાય છે કે શિયાળામાં મળતા તમામ શાકભાજી તાજા હોવાથી તેના આરોગવાની મજા જ કાંઈક ઔર છે તમામ શાકભાજીમાં પણ મેથી અને કોથમીર સાથે પાલકનો હાલ દબદબો છે આ શાકભાજી દ્વારા વિવિધ પ્રકારના સૂપ બનાવીને પણ શહેરીજનો હાલ કોરોનાથી બચવાના પ્રયત્નો કરી રહ્યા છે. મોસંબીના તો ૧૦ કિલો ના કટ્ટા શહેરમાં ઘણા સર્કલ પાસે વેચાઈ રહ્યા છે ત્યારે લગભગ દિવસની કુટુંબ દીઠ બે કિલો મોસંબી આરોગી જતા પરિવારો દર ચાર દિવસે આ મોસંબીના કટ્ટાની ખરીદી પણ કરી રહ્યા છે.

### જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ પાસેનો બનાવ

## કારમાં સવાર યુવકના ગળામાંથી સોનાનો દોરો તોડી બે શખ્સો ફરાર

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ પાસે ભર બપોરે કારમાં બેઠેલા વ્યકિતના ગળામાંથી દોઢ તોલાના સોનાના દોરાની લુંટ થઈ છે. કાળા કલરના બાઈક પર આવેલા બે શખ્સોએ કાર ઉભી રખાવી કાચ ખખડાવી ખોલાવ્યો હતો. કાર ચાલકે જેવો કાચ ખોલ્યો કે મજબુત બાંધાના વ્યકિતએ ગળામાંથી દોઢ તોલાનો સોનાનો દોરો ઝુંટવી લીધો હતો. જયારે અન્ય વ્યકતિએ કારની ચાવી લઈને દુર ફેંકી દીધી હતી. ત્યારબાદ બંન્ને ઈસમો ચ-૫ તરફ ફરાર થઈ ગયા હતા. કાર ચાલકે બુમાબુમ કરતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ દોરો લુંટી આરોપીઓ બાઈક લઈ પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૨ બ્લોક નં.૬૬-૭ જ ટાઈપ ખાતે રહેતો વિવેક જયપ્રકાશ મહેતા (ઉં.૨૩) પોતાના પરિવાર સાથે રહે છે અને ફોટોગ્રાફીનો વ્યવ્સાય કરે છે. ગતરોજ બપોરના સુમારે પોતાના ભાઈની સેવરોલેટ કાર નં.જી.જે.૧૮.એ.એચ.૨૧૧૨ લઈને કલેકટર કચેરી કામ હોવાથી લઈને નીકળ્યો હતો. ત્યારબાદ કલેકટર કચેરીનુ કામ ત્રણ વાગ્યાના અરસામાં પૂર્ણ થઈ જતા સેકટર-૧૧ થઈને ચ માર્ગ પરથી ઘરે જવા માટે વિવેક કાર લઈને જઈ રહ્યો હતો. તે સમયે કાળા કલરના બાઈક પર બે યુવકો આવ્યા હતા અને જિલ્લા પંચાયત બસ સ્ટેન્ડ પાસે કાર ઉભી રખાવી હતી. ત્યારબાદ એક શખ્સે કાચ ખખડાવતા ફરીયાદીએ કાચ ખોલ્યો હતો. ફરીયાદી કંઈ સમજે કે વિચારે તે પહેલા જ બાઈક પર આવેલા શખ્સે ગળામાંથી સોનાનો દોરો તોડી લીધો હતો. જયારે બીજા શખ્સે કારની ચાવી કાઢીને દુર ફેંકી દીધી હતી. યુવક સીટબેલ્ટ ખોલીને નીચે ઉતરીને બુમાબુમ કરી તે પહેલા દોરો તોડી શખ્સો ચ-૫ તરફ ભાગી ગયા હતા. યુવકની હોહા ને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ બાઈક લઈને આવેલા શખ્સો ગણતરીની મિનીટોમાં અદ્રશ્ય થઈ ગયા હતા. જયારે બાઈક પર આવેલા શખ્સોમાં એક મજબુત બાંધાનો હતો અને ડાર્ક કલરનું શર્ટ અને જીન્સ પેન્ટ પહેરેલ હતું. જયારે બીજો શખ્સ પાંતળા બાંધાનો હતો. બનાવ અંગે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.



અમદાવાદમાં બે દિવસના વિક એન્ડ કરફયુ દરમ્યાન ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી સંચાલિત થતી બસોને નિયંત્રિત કરાઈ હતી. જો કે કરફયુ પૂર્ણ થયા બાદ એસ.ટી. સેવાઓને પૂર્વવત કરવામાં આવી છે. એસ.ટી. ડેપોમાં મુસાફરોની ભીડ જોવા મળી હતી.




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બહારથી આવતા નાગરિકોને તથા આસપાસ રહેતા નાગરિકોને કોરોનાના ટેસ્ટ કરવામાં સરળતા રહે તે હેતુથી સેક્ટર ૩૦ પોલીસ ચોકી પાસે- (એરોપ્લેન સર્કલ પાસે) તથા રક્ષાશક્તિ સર્કલ પાસે ખાસ મંડપ બનાવી રેપિડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર ચાલુ કરવામાં આવેલા છે. જેમાં અત્યાર સુધી કુલ ૭૭ જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે અને ત્રણ જેટલા લોકો કોવીડ પોઝિટિવ મળી આવ્યા છે તેમની નિયમ અનુસાર કાર્યવાહી ચાલુ છે.

## કોબા-અડાલજ માર્ગ પર લોડીંગ રીક્ષા પલ્ટી જતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

કોબા-અડાલજ માર્ગ પર માટલા ભરીને પસાર થઈ રહેલી લોંડીગ રીક્ષા અચાનક પલ્ટી જતા રીક્ષા નીચે દબાઈ જવાથી ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ મોકલી દેવાયા હતા. જયા સારવાર દરમિયાન રીક્ષા ચાલકનું મૃત્યું નિપજયુ હતું. મૃતકના દિકરાની ફરીયાદ લઈ અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઓઢવ આદિનાથ નગર આશારામ પાર્ક સોસાયટી મકાન નં.૨૦ ખાતે રહેતા દિલિપભાઈ પ્રભુભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. ફરીયાદીના પિતા પ્રભુભાઈ પ્રજાપતિ ગતરોજ અમદાવાદથી નીકળી અડાલજ ખાતે માટલા લેવા માટે ગયા હતા. જયારે માટલા ખરીદીને લોડીંગ રીક્ષામાં ભરીને અડાલજ થી કોબા માર્ગ પર પસાર થઈ રહ્યા હતા. તે સમયે રીક્ષા નં. જી.જે.૨૭.ડબલ્યું-૩૪૪૦ પરથી કાબુ ગુમાવતા અંબાપુર ગામ નજીક લોંડીગ રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં પ્રભુભાઈ પ્રજાપતિ રીક્ષા નીચે દબાઈ જતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા ત્તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા.પરંતુ સારવાર દરમિયાન રીક્ષા ચાલક પ્રભુભાઈ પ્રજાપતિનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે મૃતકના દિકરાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ભગવાને પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવી તુલસીજી સાથે વિવાહ કર્યા

### માસ્ક સાથે માત્ર પાંચ જ વ્યક્તિની ઉપસ્થિતિમાં તુલસી વિવાહ યોજાયા : લગ્નસરાની સીઝનમાં શહેરીજનો પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરે તેવો સંદેશ આપવા પ્રયાસ



ગાંધીનગર, તા.૨૬

આજે દેવ પ્રબોધિની એકાદશી નિમિત્તો શહેરના સેક્ટર-૨૨માં દર વર્ષની જેમ જશુભાઈ મોદી અને તેમના ધર્મ પત્ની ભાનુમતિબેન મોદીના નિવાસસ્થાન પ્લોટ નં.૩૬૫/૧ ખાતે તુલસી વિવાહ યોજાયા હતા. જોકે આ વર્ષે કોરોના મહામારીના કારણે આ તુલસી વિવાહનો પ્રસંગ દર વર્ષની જેમ ધામધુમથી ઉજવવાને બદલે ઘરના માત્ર પાંચ જ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે સંપન્ન કરવામાં આવ્યો હતો. કોરોના મહામારીમાં ખુદ ભગવાનના વિવાહ પણ સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે યોજાતા હોય તો શહેરમાં હવે શરૂ થઈ રહેલી લગ્નસરાની સીઝનમાં શહેરીજનો પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું બરાબર પાલન કરે અને ભીડ કરવાનું ટાળે તેમજ માસ્કનો ઉપયોગ ગંભીરતાથી કરે તે સંદેશ આપવા પ્રયાસ કરાયો છે.

દર વર્ષે કારતક માસના સુદ પક્ષની અગિયારસે તુલસી વિવાહનો પર્વ ઉજવાય છે અને આ દિવસને પ્રબોધિની એકાદશીના નામે પણ ઓળખવામાં આવે છે. આ અગિયારસના દિવસે ધૂમધામથી તુલસીનો વિવાહ ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરુપ સાથે કરવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસે ભગવાન શાલીગ્રામ અને તુલસીના લગ્ન સંપન્ન કરાવનારના જીવનમાં આવી રહેલી સમસ્યાઓનું અંત થાય છે. એવું પણ મનાય છે કે, જે ઘરમાં તુલસીની પૂજા થાય છે, તે ઘરમાં ક્યારેય પણ ધન-ધાન્યની ઉણપ આવતી નથી. તુલસી વિવાહની સાથે વિવાહ અને માંગલિક કાર્યોની શરૂઆત થાય છે. આ સમયે જયારે શહેરમાં કોરોના મહામારી વરવું સ્વરૂપ ધારણ કરી રહી છે શહેરમાં યોજનારા લગ્ન સમારંભોમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન થાય તે જરૂરી બન્યું છે.



કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસકર્મીઓને કોરોના સંક્રમણથી બચાવવા પીઆઈ દ્વારા ઉકાળા અને વિટામીન-સીની ગોળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક ટ્રાફિક પોઈન્ટ પર જઈ તેઓએ ઉકાળા અને ગોળીઓનું વિતરણ કર્યું હતું.

## રાજ્ય હસ્તકની વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવાની હિલચાલ વિરુદ્ધ વીજ કર્મીઓનો ઉગ્ર વિરોધ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના પેથાપુર પાસેના થર્મલ પાવર સ્ટેશન ખાતે ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિ અંતર્ગત વીજ કર્મચારીઓ-અધિકારીઓએ દ્વારા સરકારના રાજ્ય હસ્તકની વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવાની હિલચાલ વિરુદ્ધ ઉગ્ર વિરોધ નોંધાવી દેખાવો યોજયા હતા તેમજ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી.

ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ રાજ્યના તમામ વિસ્તારોમાં ગ્રાહક લક્ષી સેવાઓ આપી રહી છે અને તેમના વીજ ટેરિફ પણ સામાન્ય પ્રજા, ઉદ્યોગો અને ખેડૂતોના હીતો સચવાય તે મુજબના છે. કેન્દ્ર સરકાર દ્વારા તમા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો હસ્તકની વીજ કંપનીઓને આવરી લેતા ઈંડિયન ઈલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૧૩માં સુધારો કરીને એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૦ને આગામી સંસદના સત્રમાં કાયદો મંજૂર કરવાની કાર્યવાહી કરી રાજ્ય સરકાર હસ્તકની તમામ કંપનીઓનું ખાનગીકરણ કરી ખાનગી ઉદ્યોગ ગૃહોને સોંપવાની માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેનો આજે દેશભરમાં આશરે ૧૫ લાખ જેટલા વીજ કર્મીઓ દ્વારા વિરોધ પ્રગટ કરવામાં આવ્યો છે. આ વિરોધ પ્રદર્શનના ભાગ રૂપે જનરેશન કંપની હસ્તકના ગાંધીનગર, વણાકબોરી, ઉકાઈ, સિક્કા, ઉત્રાણ, પાનન્ધો વગેરે તમામ એકમોના વીજ કર્મીઓ અને અધિકારીઓએ દ્વારા કાળી પટ્ટી પહેરી ફરજ બજાવવા સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વીજ કંપનીઓનું ખાનગીકરણ કરવાથી ગુજરાતની સાત કરોડ જનતાને, સામાન્ય વપરાશકારને, ઉદ્યોગકારોને તથા ખેડૂતોને વીજળી મોંઘી થશે જેના કારણે મોંઘવારીમાં પણ વધારો થશે જેથી વીજ કંપનીઓનું ખાનગીકરણ રોકવા વીજ કર્મચારીઓ દ્વારા દેખાવો યોજવામાં આવ્યા હતા તેવું સંકલન સમિતિએ જણાવ્યુ છે.



## પ્રદૂષણને નાથવા જુના ડીઝલ વાહનોને પ્રતિબંધિત કરો : ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૨૬

પાટનગરની સંસ્થા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે રાજયમાં પ્રદૂષણની સમસ્યા સતત વધી રહી છે ત્યારે જુના ડીઝલ વાહનોને પ્રતિબંધિત કરવા માંગ કરી છે. સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યુ છે કે સ્માર્ટ સિટી બનાવવા માટે વાયુ પ્રદુષણ નિયંત્રિત કરવું અનિવાર્ય છે અને પ્રવર્તમાન કોરોના વાયરસના સંકટ સમયે આ બાબત વિશેષ ગંભીર બની રહે છે, નગરજનોના સ્વાસ્થ્યની રક્ષા માટે જરૂરી પ્રતિબંધક હૂકમો સરકાર દ્વારા સત્વરે કરવામાં આવે તેવી જનમાનસની લાગણી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યુ છે કે છેલ્લા ઘણા સમયથી અમદાવાદમાં પ્રદૂષણની સમસ્યા ખૂબ જ વધી રહી હોવાના અહેવાલો પ્રકાશિત થઈ રહ્યા છે તેને રોકવા માટે અમદાવાદ પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડીને ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. આ બાબતને આવકારતાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જૂના ડીઝલ વાહનોના રજીસ્ટ્રેશનને ગુજરાતમાં પ્રતિબંધિત કરવાની પુનઃ માગણી કરી છે કેમ કે અમદાવાદ-ગાંધીનગર ટ્વિન સિટી હોવાથી અમદાવાદમાં વધતા હવાના પ્રદૂષણની અસર તરત ગાંધીનગરને પણ થાય છે.

આ સાથે સંસ્થાએ જણાવ્યુ છે કે દેશની રાજધાની દિલ્હીના વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા દિલ્હી પ્રદેશમાં ૧૦ વર્ષ જૂના ડિઝલના વાહનો ચલાવવા પર સુપ્રીમ કોર્ટે જુલાઈ ૨૦૧૬માં પ્રતિબંધ મૂક્યો હતો. ગુજરાત સેકન્ડ હેન્ડ વાહનોનું મોટું બજાર હોવાથી આ વાહનો મોટી સંખ્યામાં ગુજરાતમાં આવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં તેના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ મૂકવામાં આવે તે અત્યંત જરૂરી છે. અમદાવાદનું વાયુ પ્રદૂષણ દિલ્હીની કક્ષાએ પહોંચી રહ્યું છે અને દેશના રાષ્ટ્રીય અખબારોએ ચોંકાવનારા સમાચાર પ્રસિદ્ધ કરતાં જણાવ્યું છે કે સંશોધનો અનુસાર દેશમાં ૬૫ ટકા પ્રદૂષણ જૂના ડીઝલ વાહનોને કારણે થાય છે. જૂના વાહનો ''ફિટ'' ન હોવા છતાં ચલાવાય છે જે વાયુ પ્રદુષણ જ નહીં પરંતુ અવાજ, પાણી અને જમીનનું પ્રદૂષણ ફેલાવે છે. શહેરમાં ફરતાં જૂના ડીઝલ વાહનોના પીયુસી સર્ટીફીકેટ ચકાસવાની કામગીરી પણ કડક રીતે અમલમાં મૂકવી જોઈએ.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આ બાબતમાં ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮માં વખતોવખત રાજય સરકારનું ધ્યાન દોર્યું છે, પરંતુ રાજયના વાહન વ્યવહાર નિગમે પોતાની જવાબદારી નિભાવી નથી. તાજેતરમાં જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં એચ બી વરિયા, વાગ્મિનભાઈ બૂચ, સુમંતભાઈ શાહ, પ્રો. રવીન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી , જે.જી.વોહરા, શકુંતલાબેન ગોર, લક્ષ્મણસિંહ રાજપુત , મહેશભાઈ સોલંકી વગેરેએ ઉપસ્થિત રહીને મહત્વનાં સૂચનો કર્યા હતાં.

### હવાનું પ્રદૂષણ અટકાવવા જાગૃત નાગરિક પરિષદના સૂચનો

જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરવામાં આવેલા સૂચનો અનુસાર મુક્તિધામ નજીકના કચરાના એકમ, સેક્ટર-૨૧ શાક માર્કેટ, થર્મલ પાવર સ્ટેશન, સેક્ટર-૭ શાકમાર્કેટ, સેન્ટ્રલ બસ સ્ટેશન તેમજ અન્ય પ્રદૂષિત જગ્યા ઉપર એક્યુઆઈ (એર ક્વોલિટી ઈન્ડેક્સ ) માપવાના સાધનો મૂકવાની કામગીરી તાત્કાલિક કરવી જોઈએ. જેથી પ્રદુષિત હવાથી ફેલાતો રોગચાળો અટકાવી શકાય. આ સાથે શહેરમાં ફરતાં તમામ વાહનોના પીયુસી સર્ટિફિકેટ ચકાસવાના નિયમનો કડક અને વારંવાર અમલ થવો જોઈએ અને સેન્ટ્રલ બસ સ્ટેશન પાસે ઊભા રહેતા ભાડાના જીપ જેવા વાહનોની ચકાસણી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ગોરધનભાઈ માધવલાલ પટેલ, ઉ.વ. ૭૪, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. સુથાર સુરેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ મનીષભાઈ નરસિંહભાઈ, ઉ.વ. ૪૦, સોનીપુર, તા. ગાંધીનગર
- સ્વ. શુસીલાબેન અંબાલાલ જયસ્વાલ, ઉ.વ. ૭૦, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. નાઈ ભાવનાબેન અમૃતભાઈ, ઉ.વ. ૪૧, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પંડયા હેમલતાબેન હિમાંશુકુમાર, ઉ.વ. ૩૨, રણાસણ, તા. વિજાપુર, મહેસાણા
- સ્વ. બાબુલાલ વિઠ્ઠલદાસ મોદી, ઉ.વ. ૮૧, મુ. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. દિનેશકુમાર હિંમતલાલ ભાવસાર, ઉ.વ. ૭૧, મણીનગર, અમદાવાદ
- સ્વ. પટેલ કાળાભાઈ બેચરદાસ, ઉ.વ. ૭૦, ઈટાદરા, તા. માણસા
- સ્વ. ભરતકુમાર કેશવલાલ સુથાર, ઉ.વ. ૫૬, સેકટર-૧૭, ગાંધીનગર
- સ્વ. પટેલ વર્ષાબેન જીજ્ઞેશકુમાર, ઉ.વ. ૪૫, કુકરવાડા, તા. વિજાપુર, મહેસાણા
- સ્વ. પટેલ વસંતીબેન ચંદુલાલ, ઉ.વ. ૬૮, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ જગદીશભાઈ ખોડીદાસ, ઉ.વ. ૪૬, મહેસાણા, જી. મહેસાણા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. ભટ્ટ જસવંતલાલ ચુનીલાલ, ઉ.વ. ૮૩, વાવોલ, જી. ગાંધીનગર
- સ્વ. બાબુલાલ જોઈતારામ સુથાર, ઉ.વ. ૬૮, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. દેવાણી જસવંતબેન લલીતચંદ્ર, ઉ.વ. ૭૮, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. વૈદ્ય વિજયકુમાર ધનવંતરાય, ઉ.વ. ૭૮, સેકટર-૨, ગાંધીનગર